



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

*વચનામૃત ગઢડા અંત્ય, પ્રકરણ - ૨૮ : 'ભગવાનના માર્ગમાંથી પડ્યાનું'*
*૮ માર્ચ ૨૦૧૭, બ્રહ્મજ્યોતિ, મોગરી*

***પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનની ભક્તિમાંથી બે પ્રકારે જીવ પડે છે, એક તો શુષ્ક વેદાંતના ગ્રંથને સાંભળીને બીજા આકારને ખોટા કરે તેમ શ્રીકૃષ્ણાદિક જે ભગવાનના આકાર તેને પણ ખોટા કરે; એ શુષ્ક વેદાંતીને અતિ અજ્ઞાની જાણવા. અને બીજો જે એમ સમજતો હોય જે, 'ભગવાનને ભજીએ તો ગોલોક ને વૈકુંઠલોકમાં સ્ત્રીભોગ, ખાનપાન આદિક જે પંચવિષયનાં સુખ તેને પામીએ.' પછી તે સુખની આસક્તિએ કરીને ભગવાનને પણ ભૂલી જાય ને મૂળગો કુબુદ્ધિવાળો થઈને એમ સમજે જે, 'એ સુખ ન હોય તો એ ધામમાં રાધિકા, લક્ષ્મી આદિક સ્ત્રીઓ ભેળે ભગવાન પણ રમે છે; માટે એ સુખ પણ ખરું છે.'***

સ્વામિનારાયણ ભગવાને, ભગવાનને ભજતાં ભજતાં જે વિઘ્નો આવે છે એના ઉપર આપણને લાલબત્તી બતાવી છે. આપણે બધા સાકાર ને એથી આગળ વધીને પ્રગટના ઉપાસકો છીએ. ભગવાન સદાય સાકાર છે અને એવા ગુણાતીત સાધુ થકી પ્રગટ છે. એમને વિષે સમ્યક્ નિર્દોષભાવ ! એ આપણી ભક્તિ છે.

સ્વામિનારાયણ ભગવાન અહીંયાં કહે છે, શુષ્ક વેદાંતી - જગતમાં એટલા બધા હોશિયાર માણસો છે-લૉજિશિયનો છે કે, તેઓ તમને બુદ્ધિના તર્કથી ભગવાનના આકાર ખોટા કરી બતાવે. આપણે એમ કહીએ છીએ કે, ભગવાન સદાય સાકાર છે. અને વેદ-વેદાંતીઓ ભગવાનને નિરાકાર માને છે. કહે કે, ભગવાન પાણી જેવા છે. પ્યાલામાં પાણી લો તો પ્યાલા જેવો, લોટામાં પાણી લો તો લોટા જવો, ઘડામાં પાણી લો તો ઘડા જેવો, ડોલમાં પાણી લો તો ડોલ જેવો - જેવું તમારી પાસે સાધન એવો આકાર ધારણ કરે; પણ એ આકાર નથી, નિરાકાર છે. અને આગળ જતાં ઘણાને એમ હોય કે, ભગવાનની ભક્તિ કરતાં, ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં ગોલોક-વૈકુંઠમાં આપણને જવાનું મળે ને ત્યાં ખાવા-પીવાનું, રહેવા-કરવાનું, ભોગ ભોગવવાના સારા મળે. જો આવું ના મળતું હોત તો ભગવાન પણ રાધા જોડે, સીતા જોડે કેમ રહે છે ? આવું સમજી પોતાના જે દોષ, પોતે જે ભોગમાં આકર્ષિત થાય છે, જે ભોગને લઈને પોતે ભગવાનને ભૂલી જાય છે; એ જ રીતે ભગવાનને પણ પોતા જેવા માને છે. આમ, ભગવાનને વિશે માયિકભાવ પરઠે અને ભગવાનને નિરાકાર સમજે એટલે ભગવાનના માર્ગથી પડી, ભગવાનની પ્રસન્નતામાંથી એ દૂર જતો રહે, જેને 'વિમુખ' કહેવામાં આવે છે.

એટલે મહારાજ કહે છે કે, 'ભગવાન સદાય સાકાર છે.' ગમે એવો લૉજિશિયન કહે, તમે ગમે એવું વાંચો, ગમે એવાની વાત સાંભળો, પણ આપણા પ્રભુ માનવરૂપ ધારણ કરીને સાકાર રૂપે આવ્યા. સહજાનંદ સ્વામી દ્વારા જે પરબ્રહ્મનું તત્ત્વ ઓગણપચાસ વરસ આ પૃથ્વી ઉપર વિચરણ કરી ગયું, એ પરબ્રહ્મનું તત્ત્વ, એવા ગુણાતીત સાધુ થકી પ્રગટ છે. કારણ કે, એમણે પોતે વરદાન આપ્યું છે કે, 'આવા ગુણાતીત સાધુ થકી આ બ્રહ્માંડમાં હું પ્રગટ રહીશ.'

શા માટે ? તો મહારાજના વખતમાં આપણે બધા એમની અડફેટે આવ્યા, એમના સંબંધમાં આવ્યા, એમના કાર્યમાં મદદરૂપ થયા, એમના સાધુ-સંતોની સેવા કરી, એમના સાધુ-સંતોને પ્રેમથી બોલાવ્યા. એમના આશ્રિત થયા એવા સૌ આત્માઓની મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની ભૂમિકાઓ અહંતા, મમતાથી રહિત થાય એ બે-પાંચ વરસનું કામ નથી, એક જન્મે થાય એવું નથી, બહુ લાંબા સમય માટેનું કામ છે. એટલે મહારાજ કહે, 'એવા જે આત્માઓ - તેમની સાથે અમે રહીને, એમને માનવદેહથી પર જીવન જીવતા કરવા, આ દેહમાં ભગવાનના ધામનો આનંદ ભોગવતા કરવા અમે સતત સાથે રહીશું.'

કોઈ પણ માણસ બીમાર પડે, ભયંકર બીમારી હોય તો ડૉક્ટર એને હૉસ્પિટલાઇઝ કરે, કે જેથી ડૉક્ટરની દેખરેખ નીચે રહે તો એ સાજો થાય. એનું મૉનિટરિંગ કરે, સમયસર એને દવાઓ આપે, ઓચિંતું કોઈ કૉમ્પ્લિકેશન થાય તો ડૉક્ટર હાજર હોય તો કન્ટ્રોલ થાય.

ઘણી જગ્યાએ હૉસ્પિટલ સરસ હોય, મુંબઈથી ડૉક્ટર ઑપરેશન કરવા આવતા હોય, પણ ઑપરેશન કરીને તેઓ પાછા મુંબઈ જતા રહેતા હોય તો ખરેખર જે હોશિયાર માણસ હોય એ આ હૉસ્પિટલમાં ઑપરેશન ના કરાવે. કારણ કે, ઑપરેશન કરાવ્યા પછી જો ડૉક્ટર હાજર ના રહેવાના હોય તો ઑપરેશન શું કામ અહીં કરાવવું ? કંઈ કૉમ્પ્લિકેશન થાય કે રોગ ઊથલો મારે ત્યારે ડૉક્ટર તો હોય નહીં. દર્દીએ ડૉક્ટરના ઑબ્ઝર્વેશનમાં રહેવાનું હોય કે જેથી જો દર્દ વકરી જાય કે એવું કશું થાય ત્યારે ડૉક્ટર હોય તો દર્દ કન્ટ્રોલમાં આવે ને ડૉક્ટર તરત એવી ટ્રીટમૅન્ટ કરે કે જેથી દર્દી દર્દમુક્ત બને.

એમ દેહના ભાવથી પર થવા માટે માણસ એકલો ઝઝૂમે તો થાય નહીં, ઊંધું પડે. માટે ભગવાન ને ગુણાતીત સત્પુરુષો પ્રગટ હોય, એમના ઑબ્ઝર્વેશનમાં રહીને સાધના થાય તો માણસ હસતા, રમતા, ખેલતા, કૂદતા ગુણાતીતભાવને પામે. એવી આપણા સૌ પર ભગવાને કૃપા વરસાવી અને પોતે એવા ગુણાતીત સાધુ થકી આ બ્રહ્માંડમાં આપણી સાથે રહ્યા. એમને વિશે સમ્યક્ નિર્દોષભાવ ! આપણે હરીએ, ફરીએ, બોલીએ, ચાલીએ છીએ તે આપણા પોતાપણાના ભાવમાં રહીને કરીએ છીએ. આપણને ભાવે છે એટલે આપણે ખાઈએ છીએ. આપણને ફાવે છે એટલે કરીએ છીએ. આપણને ગમે છે એટલે જઈએ છીએ. જ્યારે પ્રભુના ધારક સંતનું બોલવું, ચાલવું, હરવું, ફરવું, ખાવું, પીવું એવું નથી હોતું. તેઓ પોતાના ગુરુ-પ્રભુને જ એક રાજી કરવા, પ્રભુમાં રહીને જ સઘળાં કાર્યો કરતા હોય છે. આપણામાં રહેલા માયિકભાવને દિવ્ય બનાવવા પ્રભુ વર્તાવતા હોય છે.

'અનંતના સંકલ્પે જીવવાની જિંદગાની...' એ ભજનમાં કહ્યું કે, મારા-તમારા સંકલ્પો પ્રમાણે, આપણને દેહભાવથી પર કરવા અનંત પ્રકારની લીલાઓ મોટા પુરુષો કરતા હોય છે. સામાં ચૈતન્યોને પ્યૉર કરવા માટે, સામા ચૈતન્યમાં રહેલું જગત કાઢવા માટે તેઓ બધું કરે છે. આપણે કરીએ છીએ એ આપણા રાગને લઈને, આપણી વાસનાને લઈને, આપણી કોક વૃત્તિને લઈને કરીએ છીએ. જ્યારે એનું એ જ કામ ભગવાન અને સંત કરતા હોય પણ, તેઓ સામા ચૈતન્યનું રૂડું કરવા કરે છે. એવી આપણી જો દૃષ્ટિ ના હોય તો તેઓ આપણા જેવા છે એવું માનીએ. જેમ આપણને જમવાનું ફાવે છે એમ એમનેય ફાવે છે, એવો મનુષ્યભાવ લાવી ભગવાનના માર્ગથી પડી જાય છે.

એટલે સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં કહ્યું કે, 'ભગવાન સદાય સાકાર, પ્રગટ ને દિવ્ય છે'. આ જે ત્રણ સ્ટૅપ કહ્યાં કે, ભગવાન સદાય સાકાર છે, ગુણાતીત સાધુ થકી પ્રગટ છે અને એ દિવ્ય છે. આ શ્રદ્ધા સાથે જીવીએ તો આપણે ગમે તેવા દોષયુક્ત હોઈએ, છતાં પણ ભગવાનના માર્ગથી કદી પડીશું નહીં. શુદ્ધ હોઈશું, બુદ્ધિશાળી હોઈશું, સારામાં સારું જીવન હશે, પણ ભગવાનને નિરાકાર માનીશું ને ભગવાનના સાધુને વિશે ભાવફેર કરીશું, ભગવાનના અવતારોને વિશે મનુષ્યભાવ લાવીશું તો ભગવાન કહે, કોઈ દિવસ સુખી થવાશે નહીં. દુઃખ સિવાય, અશાંતિ સિવાય, જીવનમાં કશું રહેશે નહીં; એ ભગવાનના માર્ગથી પડ્યા કહેવાય. અને કથાવાર્તા, ધૂન, ભજન, પ્રાર્થના પણ આ માનીનતામાં દૃઢ રહીએ કે, આપણા માટે આપણા ભગવાન સદાય સાકાર પ્રગટ અને એનાથી આગળ નિર્દોષ ને દિવ્ય છે એના માટે છે. જે ભગવાન પ્રગટ છે એવા સાધુ દ્વારા એ સર્વોપરી, સર્વાવતારી સહજાનંદ સ્વામી છે. કથાવાર્તાથી એમનો મહિમા સમજાય.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યસહિતની ભક્તિ. એકલી ભક્તિ નહીં, ભગવાનના આવા મહિમા સહિતની ભક્તિ; તો એકાંતિકપણું દૃઢ થાય. હવે આપણે જડબેસલાક સદા સાકાર, દિવ્ય માનીએ જ છીએ, પ્રગટ માનીએ જ છીએ, પણ એમને વિશે નિર્દોષભાવ, દિવ્યભાવ સમ્યક્ નથી રહેતો. સત્પુરુષને વિષેય નથી રહેતો ને ભગવાનના ભક્તોને વિષેય નથી રહેતો. એ આપણે જો રહેતો થાય તો આપણી સાધનાની પૂર્ણાહુતિ થાય. પછી જેટલાં હળીમળીને, એકમનાં થઈને ભક્તિ કરીએ એનો આનંદ આવે, એનું સુખ આવે, એ ભગવાનને કરાવવું છે.

ભગવાનના માર્ગથી પડ્યાનાં બે કારણ કહ્યાં. ભગવાનને નિરાકાર કહે તો અને ભગવાન ને ભગવાનના સંતને વિશે ભાવફેર કરે તો ભગવાનના માર્ગથી પડી જાય.

***...પછી શ્રીજીમહારાજને સુરાખાચરે પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે, તેનું શું કારણ છે ?" પછી શ્રીજીમહારાજે ઉત્તર કર્યો જે, "એણે ભગવાનનો નિશ્ચય કર્યો હતો ત્યારે જ એમાં કાચ્યપ રહી ગઈ છે."***

મહારાજે કેવી સરસ વાત કરી ! 'નિશ્ચય છે તોય કેમ પાછા પડતા હોય છે ?' આપણે સામાન્ય રીતે જગતમાં જોઈએ છીએ કે, છોકરા-છોકરીઓને પ્રેમ થાય પછી લવમૅરેજ કરે. પરંતુ ૪૦ ટકા લવમૅરેજ છૂટાછેડામાં પરિણમતાં હોય છે. એવું કેમ થાય છે ? તો ઘણી છોકરીઓને પૈસાનું બહુ આકર્ષણ હોય, પૈસાને સુખ માનતી હોય, પૈસાદારને પરણવું હોય તેથી કોઈ છોકરો પૈસાદાર હોય એના પ્રેમમાં પડી જાય. ઘણી છોકરીઓને રૂપનું આકર્ષણ હોય, કોઈ રૂપાળો છોકરો જુએ તો પ્રેમમાં પડી જાય. ઘણી છોકરીઓ કૉલેજમાં છોકરાઓની વાહવાહ થતી હોય, સ્પૉર્ટ્સમૅન હોય,

ભગવાન સદાય સાકાર છે, ગુણાતીત સાધુ થકી
પ્રગટ છે અને એ દિવ્ય છે. આ શ્રદ્ધા સાથે જીવીએ
તો આપણે ગમે તેવા દોષ યુક્ત હોઈએ,
છતાં પણ ભગવાનના માર્ગથી કદી પડીશું નહીં.





> સંત આપણાને વઢે, ઠપકો આપે, કામ સોંપે,
> તો ભગવાન એમના દ્વારા કરી રહ્યા છે
> એવું માનીને જો એમની વાતનો અમલ કરો તો
> ભગવાન કહે, માન ટળી જાય,
> દોષ ટળી જાય - દોષરહિત થઈ જઈએ.

ઈલેક્શન લડતો હોય એવાના પ્રેમમાં પડી જાય. ઘણી છોકરીઓ બુદ્ધિશાળી-ફર્સ્ટ રૅન્ક હોય એવા છોકરાના પ્રેમમાં પડી જાય ને લગ્ન કરે. સમાજનો વિરોધ હોય તોય એની સાથે લગ્ન કરે. આપણને એમ થાય કે કેટલો બધો પ્રેમ છે ! પણ એ પ્રેમ થયો એના મૂળમાં કોક વસ્તુ હતી, પૈસા હતા, ટૅલેન્ટ હતી, રૂપ હતું; આ બધું હતું એને લઈને પ્રેમમાં પડી હતી. પ્યૉરલી - લવ ઍટ ફર્સ્ટસાઈટ નહોતો થયો. આત્માનો આત્મા સાથે પ્રેમ ન પણ હોય. પૈસાદારની સાથે પ્રેમમાં પડીને લગન કર્યું હોય ને લક્ષ્મી ચંચળ છે, સંજોગવશાત્ જો પતિને ધંધામાં ઊંધું પડ્યું અને પૈસા વગરનો થઈ જાય એટલે એનામાંથી રસ ઊડી જાય ને છૂટાછેડા લઈ લે. પતિ રૂપાળો હોય, પણ કોઈ ઍક્સિડન્ટ થાય, એના મોઢાનો શૅઈપ બદલાઈ જાય એટલે પ્રેમ ઊતરી જાય અને છૂટાછેડા લઈ લે. સ્પૉર્ટ્સમૅન હોય એનો ચાર-પાંચ વરસનો પિરિયડ હોય, એ પછી એ સાવ ખખડી જાય તો કકળાટ, કંકાસ થાય ને છૂટાં પડી જાય. એટલે જ્યારે પ્રેમ થયો ત્યારે પ્યૉરલી આત્માની સાથે પ્રેમ થયો હોય એવું નહોતું થયું, પણ કોક વસ્તુ કારણભૂત હતી.

એમ કોઈ દેહ, ધંધા, કુટુંબના દુઃખના કારણે કે લગ્ન, નોકરી, પરીક્ષામાં પાસ થઈ સારી કૉલેજમાં જવા માટે, ચૂંટણી જીતવા માટે; આવા કોઈ કામ માટે ભગવાન અને સંતનાં દર્શને-શરણે આવે ને તે કામ થઈ જાય, સંકલ્પો પૂરા થાય એટલે તે પ્રભુ-સંતના પ્રેમમાં પડી આશરો કરે છે, નિશ્ચય થાય છે. પણ તેને આગળ લેવા પછી કામો ન પણ થાય કે તેના સંકલ્પો પૂરા ન કરે ત્યારે તે પાછો પડી જાય છે. ઘણાંને માન-મોટપ જોઈતાં હોય તો ભગવાન આગળ બેસાડે, વાહવાહ કરે, તો પછી એને થાય કે, અહોહો, ખરા ભગવાન છે ! પણ ભગવાન તો આપણું માન, મોટપ, અહંતા-મમતા ઓગાળવાનું કામ કરવા આવ્યા છે, આપણા સ્વભાવનું પોષણ કરવા નથી આવ્યા. તો ભક્ત બળિયો થાય એ માટે જે માની ભક્ત છે એનું અપમાન કરે. શાસ્ત્રીજી મહારાજે એક હરિભક્તને કહ્યું કે, 'પટેલ પગ ધોઈને આવો.' એટલે પટેલ ભાગ્યા, પછી પાછા આવ્યા જ નહીં.

ઘણાને કથા-વાર્તામાં એવું લાગે કે, કથા કરનારા મારી પર વાત કરે છે. પણ તમારી પર નહિ પણ ભગવાન જે કહે છે એ વાત કરીએ છીએ. પણ એ તમને હર્ટ થયું, એ તમારું માન છે - પછી બીજો કયો દોષ શોધવાનો ? સ્વાદ હોય તો ઉપવાસ કરાવે કે ખાવાનું નહીં; તોય ભાવફેર થાય કે આ અમને ખાવા નથી દેતા. ચીજ-વસ્તુ-પદાર્થનો શોખ હોય અને એ મળે નહીં, માંગો તોપણ મળે નહીં તો ભાવફેર થઈ જાય. કકળાટ, કંકાસ કરીને પણ એ જો મેળવે તો એ નિશ્ચય પ્યૉર નિશ્ચય નથી.

અશ્વિનભાઈ, શાંતિભાઈ ને વ્રતધારી સંતોને પ્યૉર નિશ્ચય એટલે કહેવાય કે, તેઓ કોઈ ચીજ, વસ્તુ, પદાર્થની આશાએ ભગવાનના થઈને જીવન જીવવા નથી નીકળ્યા. વલ્લભવિદ્યાનગરમાં રહેવા-કરવાનું કોઈ ઠેકાણું નહોતું તોય ભગવાન ભજતા હતા. ચાલીને જતા હતા, સાઈકલ પર જતા હતા, ટ્રેનમાં, બસમાં ફરતા હતા તોય ભગવાન ભજતા હતા. ગાડી ને બધું મળ્યું પણ કાલે ગાડી ના મળે ને ગાડી લઈ લે તોય ભગવાન ભજવાના છે, છોડી નથી દેવાના. દેશ-પરદેશ જવાનું થાય-ના પણ થાય, તોય ભગવાન તરફની ભક્તિ, ભગવાનના થઈને જીવન જીવવામાં મોળાશ ના આવે. એકાદશી હોય તો ઉપવાસ કરવામાંય આનંદ આવે. વળી, યોગીબાપાએ જ્યાં રાખ્યા ત્યાં પ્રેમથી-આનંદથી રહ્યા. જે કામમાં જોડ્યા તેમાં જોડાયા. જે સંતની આજ્ઞામાં રહીને ભક્તિ કરવાની કહી તેમાં જોડાઈ તે કરી. માન-અપમાન થયાં. ચીજ-વસ્તુ-પદાર્થ તરફ નહીં પણ ગુરુ-પ્રભુ તરફ જ જોઈ દરેક પરિસ્થિતિને પ્રભુનો પ્રસાદ માની આનંદપૂર્વક ભક્તિ કર્યા જ કરી, અત્યારે પણ કરે છે તે પ્રભુ-ગુરુનો સાચો પ્રેમ-નિષ્ઠા છે. આ વ્રતધારી સંતોને નિશ્ચય હન્ડ્રેડ પરસૅન્ટ છે એની નિશાની !

ગૃહસ્થ ભક્તો પણ એવા છે. આગળ બેસાડો, પાછળ બેસાડો, નામ બોલો-ના બોલો, એમના સંસારનાં કામોમાં રસ લો-ના લો. ભગવાન અંતર્યામી છે, હું ભજન-પ્રાર્થના કરું છું તે જાણે-જુએ છે. માગવાનું ના હોય, ભગવાન આપશે; એવા ભાવથી નિર્દોષભાવે ભક્તિ કરે છે, એ નિશ્ચય કહેવાય.

માનને લીધે ભગવાન ભજવા નીકળ્યા હોય, માનને લીધે સત્સંગી થયા હોય, ચીજ-વસ્તુ-પદાર્થ મેળવવા ભગવાન ભજતા હોય કે ભગવાનના સત્સંગી થયા હોય એને જો એ વસ્તુ ના મળે તો ભાવફેર થાય, દુણાઈ જાય, તમ્મર ચઢી જાય, માથાકૂટમાં પડી જાય તો માનવું કે, ખરેખર આને નિશ્ચય થયો ત્યારે આવી કોઈક લાલચથી ભગવાનના માર્ગે ચાલતા હતા. અને ગમે તેવી પરિસ્થિતિ, ગમે એવા સંજોગોમાં માન થાય-અપમાન થાય, ધાર્યું

થાય-ના થાય, ચીજ-વસ્તુ-પદાર્થ મળે-ના મળે, જવાનું થાય-ના થાય. કામ હોય તો બીજે મોકલે, આ બધાંમાં જેમ રાખે, જેમ ફંગોળે એમાં આનંદપૂર્વક સામેલ થઈ જાય એ પરિપક્વ નિષ્ઠા ! ને ભગવાનને રાજી કરવાનો ભાવ ! ને એ જ સાચો ત્યાગ ! એવા વ્રતધારી સંતો ને એવા ગૃહસ્થો ભગવાનને જ રાજી કરવાના ભાવથી પ્રભુભજન કરે છે ; એ સાચો નિશ્ચય છે એનું આપણને દર્શન કરાવે છે .

મહારાજ કહે, માન કે કોઈ ચીજ-વસ્તુ-પદાર્થને લીધે સત્સંગ કરે તો જ્યારે એ ના મળે તો એ ભાવફેર કરીને પડી જાય. નિશ્ચયમાં ડગમગાટ થઈ જાય. અને એવું થાય ત્યારે મહારાજ કહે છે કે, ચેક કરો. દુણાટ થાય, કકળાટ-કંકાસ થાય, સત્પુરુષને વિશે-ભક્તોને વિશે ભાવફેર થાય તો અંદર ચેક કરો કે શેને લીધે આવું થયું ? તો જરૂર જરૂર જરૂર પોતાના દોષનું દર્શન ભગવાન કરાવે ને ધૂન-ભજન-પ્રાર્થના કરશો તો પ્યૉર થઈ જશો.

***...બ્રહ્માનંદ સ્વામી તથા શુકમુનિ તથા સુરો ખાચર એ ત્રણને શ્રીજીમહારાજે પૂછ્યું, "તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં ક્યો અવગુણ છે ?"***

મહારાજે કોને પ્રશ્ન પૂછ્યો ? બ્રહ્માનંદ સ્વામીને. બ્રહ્માનંદ સ્વામી પ્રખર ત્યાગી. 'આ બ્રહ્માંડમાં મહારાજ તમારા જેવો કોઈ ભગવાન નથી. તમે બે વેંત ઓછું કપડું આપશો તોય તમે જેમ રાખશો તેમ રહીશ, જ્યાં મૂકો ત્યાં જઈશ, જે કરાવશો તે કરીશ.' એવી જડબેસલાક નિષ્ઠાવાળા બ્રહ્માનંદ સ્વામી. અને ભગવાનના તો એ સખા કહેવાતા. ગમે એવી ગંભીર પરિસ્થિતિમાં મહારાજને ખડખડાટ હસાવે એવા બ્રહ્માનંદ સ્વામી. બીજા શુકમુનિ. પ્રખર વક્તા, રાઈટર. શુકમુનિએ મહારાજનાં કેટલાં બધાં પુસ્તકો લખ્યાં ! તથા સૂરા ખાચર - શૂરવીર પુરુષ ! માર બૂધું ને કર સીધું - એવું કરનારા.

એક વખત મહારાજ જતા હતા, રસ્તામાં એક વૈરાગી બાવો મળ્યો. મહારાજની ઘોડીની લગામ પકડીને કહે, 'એય, ક્યું નયા પંથ ચલાયા ?' સ્વામિનારાયણ મહારાજનો બધે પ્રચાર થયો એટલે સ્વામિનારાયણ સંપ્રદાય ઓળખાવા માંડ્યો. તેથી આ બાવા, ભૂવા બધાનું પડવા માંડ્યું. એટલે તેઓ અકળાયા. એમાં કોઈ હટ્ટોકટ્ટો હશે તેણે મહારાજ આગળ જતા હશે ત્યારે ઘોડીની લગામ પકડીને કહ્યું, 'તુને પૃથ્વી પર ક્યું નયા પંથ ચલાયા ?' મહારાજ કહે, 'મૈંને નહીં ચલાયા, યે પીછે આતા હૈ ને - સફેદ પાઘડાવાલા ઉન્હોંને ચલાયા હૈ.' એટલે એણે મહારાજની ઘોડી છોડીને સૂરા ખાચરનો ઘોડો પકડ્યો ને પૂછ્યું, 'ક્યું નયા પંથ ચલાયા?' એટલે સૂરા ખાચરે ઘોડા ઉપરથી નીચે ઊતરી ઘોડાને મારવાની જે ચાબુક હતી એનાથી પેલાને સોટાટ્યો ને કહ્યું, 'યું પંથ ચલાયા - તમારા જેવાને મારવા માટે.' પેલો બાવો કહે, 'તુને ભલે ચલાયા લેકિન અબ મુઝે છોડ દે.' સૂરા ખાચર સમજી ગયા કે, મહારાજે મારી પાસે આને મોકલ્યો એટલે મારે એને સીધો કરવાનો. મહારાજનું રહસ્ય, રુચિ, અભિપ્રાય સમજી પેલા બાવાની ધોલાઈ કરી નાખી. એવા શૂરવીર ભગત, જબરજસ્ત નિષ્ઠાવાળા - એને મહારાજ પૂછે છે. ત્રણ જણાને મહારાજ પૂછે છે - બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ ને સુરા ખાચરને - એક ત્યાગી, બીજા બ્રહ્મચારી અને ત્રીજા ભક્ત.

મહારાજે આ ત્રણને પ્રશ્ન પૂછ્યો કે, 'તમે શેને કરીને પાછા પડો ?' ખરેખર તો મહારાજે આપણને જ પ્રશ્ન પૂછ્યો છે, પણ નામ એમનાં લીધાં છે. આપણે આંખ બંધ કરીને વિચાર કરીએ કે, શેના લીધે આપણને સત્સંગમાં ભાવફેર થઈ જાય છે ? આપણને એવું તે શું થાય કે આપણે સત્સંગમાંથી પાછા પડીએ ? વિચાર કરજો ! આપણું બધું સચવાતું હોય, આપણું માન જળવાતું હોય, ચીજ-વસ્તુ-પદાર્થ જોઈએ ત્યારે મળતાં હોય. ક્યાંય જવું હોય તો કંઈ કોઈને પૂછવાનું ના હોય-કહેવાનું ના હોય. જ્યાં ફરો, જેને મળો, જેને ત્યાં જાવ એની કોઈ રોક-ટોક ના હોય, પણ કદાચ કાલે ઊઠીને કોઈ રિસ્ટ્રિક્શન આવે, કોઈ ચીજ-વસ્તુ-પદાર્થ ના મળે, જ્યાં જવું છે ત્યાં ના જવા દે અને કોઈ સંકલ્પ પણ પાર ન પડે ત્યારે આપણી શી દશા થાય ? એટલે મહારાજે પૂછ્યું કે, 'તમે ક્યારે પાછા પડી જાવ ?' એ આ લોકોને કહ્યું, પણ મહારાજે આપણને પ્રશ્ન પૂછ્યો છે. વિચારો કે, એવો કયો અવગુણ છે કે, જેને લઈને પાછા પડી જઈએ.

***ત્યારે એ ત્રણે કહ્યું જે, "હે મહારાજ ! માનરૂપ દોષ છે ; માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય."***

જોયું, માન છે - માન. મોટા તમે વઢો તો તો વાંધો નહીં, જો કે ઘણાને તો મોટા વઢે તોય વાંધો હોય છે પછી બરોબરિયાની તો ક્યાં વાત રહી? ઘણાને તો સમજ જ નથી પડતી કે, બરોબરિયા એટલે શું ? મોટા, નાના ને

આપણને નિર્માનીભાવે ગુણાતીતભાવને પમાડવાના માર્ગે મૂક્યા છે. આપણાપણાનો ભાવ છોડવા માટે મૂક્યા છે. તો સંતને નિર્દોષ માનીને એમની આજ્ઞાએ - એ જે કહે તે કરીએ તો ભગવાન રાજી થઈ જાય. રાજી ભગવાન થશે, યાદ રાખો !





**તમે ભગવાનના થઈને જીવન જીવો,
ભગવાનનું કાર્ય કરવા તત્પર રહો
અને ભગવાનનો મહિમા
પ્રસરાવવાનો સતત આલોચ રાખો.**

બરોબરિયાની કોઈને કશી ખબર નથી પડતી. આપણું માન-અપમાન થાય તો આપણને અવગુણ આવી જાય. કોઈ બરોબરિયા સંત અપમાન કરે તો મૂંઝવણ થાય, અંદરથી ભાવફેર થાય.

***...“સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે, ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, ‘બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.’ અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહીં.”...***

મગજમાં સોંસરું ઊતરી જાય એવી મહારાજે વાત કરી ! ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ, સર્વની બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક, આપણા માટે કર્તા-હર્તા એ છે. એ ભગવાન જેની ઉપર રાજી હોય એવા સાધુ, એમાંય ભગવાન જ કર્તા-હર્તા હોય ! અને એ ભગવાન જો આપણને સીધા વઢે તો ભગવાનને વિશે ભાવફેર થાય એટલે ભગવાન તેમના સાધુ દ્વારા આપણા માનનું દર્શન કરાવે. ત્યારે ખમી લઈએ, નમી દઈએ તો માન જતું રહે. ના માનીએ, ભાવફેર કરીએ તો પછી સાધના લંબાય.

મહારાજે ગવર્નરનો દાખલો આપ્યો. ત્યારે ભારત સ્વતંત્ર નહોતું, બ્રિટિશ રૂલ હતો. બ્રિટિશ યુગમાં કાઠિયાવાડનાં રાજા, રજવાડાંમાં પણ ગવર્નરનો ચપરાશી જઈને ઑર્ડર આપે તો તેનો અમલ કરવો પડે. અત્યારે આપણે ગાડી લઈને જતા હોઈએ અને ચાર રસ્તા ઉપર વચ્ચે ટ્રાફિક પોલીસવાળો હાથ કરે તો, ગમે એટલી ઉતાવળ હોય, ગમે એટલું જલદી જવું હોય, ટ્રેઈન પકડવી હોય, પ્લૅન પકડવું હોય તોપણ ગાડી ઊભી રાખવી પડે. કારણ, સરકારની સત્તા પોલીસ દ્વારા કામ કરે છે. જો આપણે એને નહીં માનીએ, એને ઑવરટેક કરીશું તો કાં તો અથડાઈશું - ઍક્સિડન્ટ થશે, કાં તો પોલીસ આપણને ઊભા રાખીને દંડ કરશે અને જો ભાગી જઈશું તો પાછળ પડશે ને જેલ ભેગા કરશે એવી બીક છે, યાદ રાખો. આપણે કંઈ પ્રેમથી નથી ઊભા રહેતા, બીકથી ઊભા રહીએ છીએ. આ પોલીસના કહ્યામાં જો આપણે નહીં રહીએ તો દંડ થશે ને ભાગી જઈશું તો પાછળ મૉટર સાઈકલ લઈને નંબર લઈ લેશે ને પછી સમન્સ આવશે ને કૉર્ટમાં લઈ જશે ને પછી જેલમાં પૂરી દેશે. એ બીકને લઈને આપણે બધાય પોલીસ હાથ ઊંચો કરે એટલે ફટાક દઈને ઊભા રહી જઈએ છીએ.

જ્યારે ભગવાનના સાધુ કહે, ત્યારે તેમનું કહ્યું માનતા નથી. મહારાજ એ કહે છે કે, કોઈ સંત આપણને વઢે, ઠપકો આપે, કામ સોંપે, તો ભગવાન એમના દ્વારા કરી રહ્યા છે એવું માનીને જો એમની વાતનો અમલ કરો તો ભગવાન કહે, માન ટળી જાય, દોષ ટળી જાય - દોષરહિત થઈ જઈએ. એવો મહિમા કહ્યો. એટલે કહ્યું કે, માહાત્મ્યસહિત ભક્તિ કરવી. ભગવાનનો જેવો મહિમા છે એવો સાધુનો મહિમા હોય, એવો ભક્તોનો મહિમા હોય તો પછી નિર્દોષભાવ રાખવામાં, સાધુની આજ્ઞા પાળવામાં આપણને જરાય કશું નડશે નહીં. અને ધન ભાગ્ય, ધન ઘડી આવા પ્રભુભક્તોની સેવા મળી ! તેવા મહિમાથી ભક્તોની મન, કર્મ, વચને સેવાઓ થાય એ માહાત્મ્યસહિત ભક્તિ !

***“...જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ?”***

સંતની આગળ માન કેવી રીતે રહે ? સાધુ પાસે માન રખાય ? નમતા જ રહેવાનું, એમની આજ્ઞા જ પાળવાની, તેઓ કહે એમ જ કરવાનું. આપણું ધાર્યું કરવું હોત તો જગતમાં ફરતા જ હતા ને! એમાંથી તો બહાર કાઢીને આપણને નિર્માનીભાવે ગુણાતીતભાવને પમાડવાના માર્ગે મૂક્યા છે. આપણાપણાનો ભાવ છોડવા માટે મૂક્યા છે. તો સંતને નિર્દોષ માનીને એમની આજ્ઞાએ-એ જે કહે તે કરીએ તો ભગવાન રાજી થઈ જાય. યાદ રાખો !

***પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “જુઓ ને, ઉદ્ધવજી કેવા મોટા હતા ને કેવા ડાહ્યા હતા ! પણ જો ભગવાનની મોટાઈને જાણતા હતા તો તે ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીઓ તેના ચરણની રજને પામ્યા સારુ વનવેલીનો અવતાર માગ્યો!”...***

જોયું, ઉદ્ધવજીએ ગોપીઓને ભાંડી નહીં. ઉદ્ધવજી ડાહ્યા, બુદ્ધિશાળી ને ભગવાનના લાડકા હતા પણ નિર્માની હતા. ભગવાનનો યથાર્થ મહિમા સમજતા હતા, તો ભગવાનની ભક્તિ કરતી ગોપીઓનો એમને એટલો બધો મહિમા હતો કે, આ ગોપીઓની ચરણરજ ઊડીને માથે પડે એવી લતા-વેલીનો અવતાર ભગવાન અમને આપજો ! એવું એમણે માગ્યું.

***...“જો ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહીં ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે”...***

'દાસાનુદાસ' ભગવાનના દાસનો પણ દાસ થઈને વર્તે, જો ભગવાન ને સત્પુરુષની મોટપ હૈયામાં આપણને હોય તો ! કોઈ આપણને વઢે, છટકારે બે-ચાર વખત ઉઠાડે; તો કહે, 'ભલે !' એવું કરીએ તો ખરેખર માહાત્મ્યસહિત ભક્તિ કરી કહેવાય. અને એવી ભક્તિ કરનાર ઉપર ભગવાન રાજી થાય તો કોઈ પણ દોષ એને દુઃખી નહીં કરે.

***...તે ગમે તેટલું અપમાન કરે તોપણ તેનો સંગને મૂકીને છેટે જવાને ઈચ્છે જ નહીં, અને એમ મનમાં થાય નહીં જે, 'હવે તો ક્યાં સુધી ખમીએ ? આપણ તો આપણે ઘેર બેઠા થકા જ ભજન કરીશું.' તે માટે એમ માહાત્મ્ય સમજે તો માન ટળે."...***

ખમી ખમીને ડૂચો વળી ગયો, હજી કેટલું ખમીએ ? એવો વિચાર ના આવે. એટલે બહેનોએ ભજનમાં ગાયું ને કે, *"યોગી તારી નિર્દોષબુદ્ધિના ક્યારેય ના આવે આરા, નથી દેખાતા કિનારા..."* જ્યાં સુધી દેહભાવ નહિ છૂટે ત્યાં સુધી આ બધું ચાલવાનું જ છે. તો જે ડાહ્યા હોય એ છોડી દે. આપણે એમ વિચારીએ કે, આ બધી ઝંઝટમાં પડવું નથી, રૂમમાં બેસીને-ઘેરબેઠા ભજન કરીશું, તો કશું થાય નહીં એમાં. એકલા જઈને બેસો તો કશું કંઈ નડે નહીં, કોઈ આવે નહીં; પણ અંદરની વૃત્તિઓ ખંખેરાય નહીં. માટે ભેગા રહો, સમૂહમાં રહો. પરીક્ષા આપ્યા વગર કોઈ દિવસ ડિગ્રી પ્રાપ્ત થાય નહીં, એમ ભગવાનના ભક્તોની ભેળા રહી નિર્દોષભાવ, દિવ્યભાવના પ્રસંગોમાંથી પાસ ના થઈએ ત્યાં સુધી કદી એકાંતિકપણું સિદ્ધ થાય નહીં.

***..."ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, 'આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક.' એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે, એવો જે નિષ્કામ ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે."***

નિષ્ઠા કોને કહેવાય એ મહારાજ કહે છે. કોઈ ભક્તને શૂળીએ ચઢવા માટે દોરડાનો ગાળિયો નાખવાની તૈયારી હોય ને મહારાજ સામે આવીને ઊભા હોય ત્યારે, 'અરે મહારાજ, આખો દિવસ તમારી ભક્તિ કરીએ છીએ તો આમાંથી છોડાવો ને !' એવું કહ્યા વગર રહે ? પણ, 'મહારાજ ! તમારી ઈચ્છા હોય એમ થાવ, ભલે શૂળીએ ચઢી આ દેહ છૂટી જશે, પણ આત્મા તો તમારી પાસે જ આવવાનો છે.' આમ, સંકલ્પ ના થાય કે, તમે મને છોડાવો. દેહના દુઃખ સારું, દેહની પ્રવૃત્તિ માટે, દેહનું લાલનપાલન કરવા માટે, દેહ માટે ભગવાન ને ભગવાનના સાધુને વિશે ભાવફેર ના થાય. કાંઈ પણ, ગમે તેવું, જેવું-તેવું, જેમ-તેમ, જ્યાં-ત્યાં જે આવે એમાં એ નભાવી લે. ગાડી મળી તો ઠીક છે, નહીં તો ચાલીને જાય. ખાવા-પીવામાં પણ જેમ-તેમ, જેવું-તેવું, જ્યાં-ત્યાં બધું ચલાવી લે. એના માટે ભગવાન જોડે કે સંતની જોડે બાખડી ના બાંધતો હોય એને નિષ્કામ ભક્ત કહ્યો ! એને કોઈ કામના નથી. કામના એક ભગવાનને રાજી કરવાની જ છે !

જગતની કોઈ ચીજ, વસ્તુ, પદાર્થને લીધે એ ભગવાન ને ભગવાનના સંતની પાસે ફાંફાં ના મારે એ નિષ્કામ ભક્ત કહેવાય. પપ્પાજીએ પણ 'સંજીવની મંત્ર'માં લખ્યું, *'જ્યારે જ્યાં જેની જેટલી જરૂર હશે ત્યારે ત્યાં તેટલું તે આપી રહેશે જ તેવી અતૂટ શ્રદ્ધા રાખો.'* પછી તમે શું કામ ફાંફાં મારો છો ? તમે ભગવાનના થઈને જીવન જીવો, ભગવાનનું કાર્ય કરવા તત્પર રહો અને ભગવાનનો મહિમા પ્રસરાવવાનો સતત આલોચ રાખો; તો ભગવાન કહે, બધું તમારું જ છે ને !

આવા જે નિષ્કામ ભક્તને પોતાના દેહને માટે ચીજ, વસ્તુ, પદાર્થ ના મળે, માન-અપમાન થાય તોપણ ભગવાન ને ભગવાનના સંતને વિશે કોઈ પણ સંજોગોમાં ભાવફેર ના થાય, તરી ના જાય, દૂર ના જતો રહે. એવા નિષ્કામ ભક્ત ઉપર ભગવાન અંતરથી પ્રસન્ન થાય.

***..."પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે."...***

ભગવાનને ભૂલીને કશું ના કરે. ભગવાનને રાખીને, ભગવાનને રાજી કરવા માટે જે કરવું હોય તે કરે, અનુસંધાન ભગવાન ને પોતાના ગુરુનું રાખીને જ જીવન જીવતો હોય એના ઉપર ભગવાન સદાય રાજી રહે છે, સુખિયો કરી દે છે.

જય સ્વામિનારાયણ !

◆

ભગવાનને રાખીને, ભગવાનને રાજી કરવા માટે
જે કરવું હોય તે કરે, અનુસંધાન ભગવાન ને
પોતાના ગુરુનું રાખીને જ જીવન જીવતો હોય
એના ઉપર ભગવાન સદાય રાજી રહે.

